ગાંધીનગર સમાચાર

# ગાંધીનગરમાં ઠેર-ઠેર ભુવાઓ પડ્યા

## સ્થાનિક ચૂંટણીના માહોલ વચ્ચે મહિલા સીએમ વિરૂદ્ધ ત્રણ સિંહ

### પટેલ પાવર ગુજરાત અને ભારતમાં જ નહીં વિશ્વમાં ફેલાયેલો છે

ગુજરાતમાં બે મહિના પહેલાં સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓની ચૂંટણીનું કાઉન્ટડાઉન છે. ટક્કર બરોબરની છે. ચૂંટણીનો માહોલ જામ્યો છે...

### ઈલેક્શન આવ્યું, વહીવટી અને પોલીસતંત્રમાં બદલીની મોસમ

શરૂ થઈ ચૂક્યું છે. રાજકીય નેતાઓની ભાષા

### કામ રોક્યું છે તો આવી બન્યું, જિલ્લા-તાલુકાને પ્રાધાન્ય આપો

**કિસાનોના ખેતરો લીલા થયા ખરા ....**






બદલાતી જાય છે. એક તરફ કોંગ્રેસમાં શંકરસિંહ વાઘેલા છે તો બીજી તરફ ભાજપમાં આનંદીબેન પટેલ છે. શંકરસિંહ જે ઉચ્ચારણો કરે છે તેની સામે આનંદીબેન પણ ગર્જના કરે છે. થોડાં સમય પહેલાં તેમણે કહ્યું હતું કે ખેડૂતની દિકરી છું, દાતરડું ચલાવતા પણ આવડે છે. હવે તેમણે કહ્યું કે મહિલા ચીફ મિનિસ્ટર સમજીને ભૂલ ના કરતા, ૧૦૦ પુરૂષોને મહાત કરવાની મારી શક્તિ છે. જંગ જામ્યો છે. એક તરફ ભાજપની સરકારમાં મહિલા ચીફ મિનિસ્ટર છે અને બીજીબાજુ કોંગ્રેસ પાર્ટીમાં ત્રણ સિંહ શંકરસિંહ, ભરતસિંહ અને શક્તિસિંહ

ગુજરાતની ધરતી ઉપર ચોમાસાએ ફરી દેખા દીધી છે ત્યારે ખરીફ સિઝનમાં ખેડૂતોએ વિવિધ પાકની વાવણી કરીને વાવેતર વિસ્તાર ગયા વર્ષની સરખામણીએ ૫૨ ટકા વધાર્યો છે. ગયા વર્ષે ચોમાસુ સારૂં હોવા છતાં વાવેતર વિસ્તાર આ સમયમાં ૩.૨૯ મિલિયન હેક્ટર હતો જે આ વર્ષે ૫.૦૭ મિલિયન હેક્ટર જોવા મળે છે. ગુજરાતમાં મગફળી અને કપાસ એ બન્ને મુખ્ય પાકો છે જેનો વાવેતર વિસ્તાર સૌથી વધારે હોય છે. એગ્રીકલ્ચર ડિપાર્ટમેન્ટના આંકડા પ્રમાણે અત્યાર સુધીમાં ૧.૨૪ મિલિયન હેક્ટર વિસ્તારમાં મગફળી

● અનુસંધાન પાન-૭ પર

## ગાંધીનગરમાં ૩જી ઓગસ્ટે પાટીદાર સમાજની રેલી

ગાંધીનગર, તા.૨૬

પાટીદાર અનામત આંદોલનમાં પાટીદારોનો ખુબ સારો પ્રતિસાદ મળ્યો છે. અત્યાર સુધી આ આંદોલનને એનસીપી ઉપરાંત ૯૩ સંગઠનોએ ટેકો જાહેર કર્યો છે તે ઉપરાંત ૧૪ લાખથી વધુ વ્યકિતઓએ આ આંદોલન માટે રજીસ્ટ્રેશન કરાવ્યું છે. પાટીદારો અનામત આંદોલન માટે ૩જી ઓગસ્ટે રાજયના પાટનગર ગાંધીનગરમાં પણ રેલી યોજશે અને મુખ્યમંત્રી તથા રાજયપાલને રજુઆત કરશે.

પાટીદાર અનામતને લઈને પાટીદાર સમાજ દ્વારા આજે પત્રકાર પરિષદનું આયોજન થયું હતું. પાટીદાર અનામત આંદોલનને એનસીપી સહીત ૯૩ સંગઠનોએ ટેકો આપ્યો અને ૧૪ લાખથી વધુ વ્યકિતઓએ રજીસ્ટ્રેશન કરાવ્યું છે. ૨૮મી તારીખે મંગળવારે વિજાપુર બંધનું એલાન આપી ત્યાં રેલીનું આયોજન કરાયું છે. તે જ દિવસે માંડલ, રાજકોટ, સુરત, વડોદરા અને મહીસાગરમાં પણ રેલી નિકાળવામાં આવશે. ૩૦ જુલાઈની સતલાસણાની રેલી રદ કરવામાં આવી છે. આ આંદોલનમાં પોલીસ, મામલતદાર, રાજકીય દબાણ હોવાનો આગેવાન મનોજ પટેલે ખુલાસો કર્યો છે તે ઉપરાંત ૨૫ ઓગસ્ટે સાબરમતી રીવર ફ્રંટ પાસે પણ રેલી યોજાશે તેમ સરદાર પટેલ સેવા દળના પ્રમુખ અને આંદોલનના નેતા હાર્દિક પટેલે જણાવ્યું હતું. વધુમાં તેમણે ઉમેર્યું હતું કે આ લડાઈ કોઈ અન્ય જ્ઞાતિઓના વિરોધમાં નથી આગામી સમયમાં ઊંઝા ઉમિયા મંદિર અને કાલાવડ ખોડલ મંદિરના પ્રમુખોને પણ આવેદન પાઠવવામાં આવશે.

**અનામત આંદોલનને ૯૩ સંગઠનોનો ટેકો : મંગળવારે વિજાપુર બંધનું એલાન ગાંધીનગરમાં રેલી બાદ રાજયપાલ અને મુખ્યમંત્રીને રજુઆત કરાશે**

સુત્રો પાસેથી મળતી માહિતી મુજબ પાટીદારો દ્વારા ૩જી ઓગસ્ટે સવારે ગાંધીનગર શહેરના ઘ-૨ સર્કલથી સત્યાગ્રહ છાવણી સુધી રેલી નિકાળવામાં આવશે. ગાંધીનગર પોલીસ પાસેથી મંજુરી પણ મેળવવામાં આવી છે. પોલીસ સુત્રોમાંથી મળતી માહિતી મુજબ શરતોને આધીન રેલી માટેની મંજુરીનો પોઝીટીવ રીપોર્ટ પણ પોલીસ આપી દીધો છે.

## કેબીનેટ બેઠકમાં વિધાનસભા સત્રની તારીખ નક્કી કરાશે

ગાંધીનગર, તા. ૨૬

આગામી બુધવારના રોજ મળનાર કેબીનેટ બેઠકમાં વિધાનસભાનું ટુંકુ સત્ર બોલાવવાનો નિર્ણય લઈને જાહેરાત કરવામાં આવે તેવી શક્યતા સેવાઈ રહી છે.

સચિવાલય સાથે સંકળાયેલ સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ મંગળવારના રોજ ભાજપના ધારાસભ્યોની બેઠક બોલાવવામાં આવી છે. આ બેઠકમાં કેટલાક મહત્વના નિર્ણયો લેવામાં આવ્યા બાદ બુધવારના રોજ મળનારી કેબીનેટ બેઠકમાં વિધાનસભાનું ટુંકુ સત્ર કઈ તારીખથી અને કેટલા દિવસ બોલાવવું એ અંગે ચર્ચા કરીને નિર્ણય લેવામાં આવશે. અને ત્યારબાદ વિધિવત સત્રની તારીખ જાહેર કરવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.

## ઘ-૫ થી સરકીટ હાઉસ માર્ગ પરના ભયજનક સુકાવૃક્ષો કાપવાનુ કામ શરૂ

ગાંધીનગર તા ૨૫

શહેરમાં વરસાદી દિવસોમાં સુકા વૃક્ષો ભયજનક હોવાનો સુર ઉઠવા પામ્યો છે. જયારે ઘ-૫થી સરકીટ હાઉસ તરફના માર્ગ પર આવા વૃક્ષોની સંખ્યા વિશેષ હોવાનુ ધ્યાને આવતા વનતંત્ર દ્વારા આજે આ ભયજનક વૃક્ષો કાપવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી. તંત્ર દ્વારા ૧૦થી વધુ વૃક્ષો કાપવામાં આવ્યા હતા.

ગાંધીનગરમાં ભયજનક વૃક્ષોની સંખ્યા વિશેષ છે. વૃક્ષોની હરિયાળીથી ઘેરાયેલા નગરમાં સેકટરોના આંતરિક માર્ગ તેમજ મુખ્ય માર્ગો આસપાસ પણ વૃક્ષોની ડાળીઓ ફેલાયેલી જોવા મળે છે. પરંતુ ચોમાસા દરમિયાન યોગ્ય જાળવણીના અભાવે વૃક્ષો આમ

● અનુસંધાન પાન-૭ પર

## ગાંધીનગરમાં પણ ભુવાઓ દેખાયા

### શ્રીકાર વર્ષાથી નગરજનો ખુશખુશાલ, નગરમાં સર્વત્ર જળબંબાકાર, ઠેર ઠેર પાણીના ખાબોચીયા ભરાયા

ગાંધીનગર, તા. ૨૬

શુક્રવાર સમી સાંજથી મેઘરાજાએ શરૂ કરેલી ધુંઆધાર બેટીંગથી નગરજનોમાં આનંદની લાગણી ઉભી થઈ છે. વાતાવરણમાં પ્રસરેલી ઠંડક આહલાદક લાગી રહી છે. સતત ત્રણ દિવસથી થઈ રહેલા ભારે વરસાદથી નગરમાં ભુવાઓ પણ પડ્યા છે. જો કે શ્રીકાર વર્ષાથી ચોતરફ ખુશાલી છે તો નગરમાં સર્વત્ર જળબંબાકારથી ઠેર ઠેર પાણીના ખાબોચીયા ભરાઈ ગયા છે. તંત્રએ ભુવાઓની કામગીરી ચાલુ વરસાદે પણ હાથ ઉપર લેતા નગરજનોમાં સંતોષની લાગણી જન્મી છે. છતાં પણ ચોકઅપ થતી ગટરો અને પાણીના નિકાલની વ્યવસ્થા સત્વરે હાથ ધરાય તે હાલના સંજોગો આધિન બન્યું છે.

● અનુસંધાન પાન-૭ પર





(તસવીર : ધર્મેન્દ્ર મહેતા)

દ્વિતીય પુણ્યતિથિએ
શ્રદ્ધાંજલિ



પરમ પૂજ્ય
સુરેન્દ્રભાઈ ધીરજરામ વ્યાસ
સ્વ. તા. ૨૭/૭/૨૦૧૩
તમારો લાગણી ભર્યો
સ્વભાવ યાદ આવે છે.
આંખમાં આંસુ આવે છે
હંમેશા તમારી યાદી રહેશે
પ્રભુ તમારા આત્માને શાંતિ આપે.
પરમ પૂજ્ય પિતાના શ્રીચરણોમાં
સર્વે કુટુંબીજનોના શત શત પ્રણામ
સાથે શ્રદ્ધાંજલિ
ગં.સ્વ. વિનોદીનીબેન સુરેન્દ્રભાઈ વ્યાસ
પૂજાબેન દિનેશભાઈ ગોસ્વામી (પુત્રી)
દિનેશ જે. ગોસ્વામી (જમાઈ)
રહેઠાણ : પ્લોટ નં. ૭૭૨/૧,
જાગૃતિ પાર્ક, સે.૩૦, ગાંધીનગર
ફોન નં. (૦૭૯) ૨૩૨૬૦૪૮૦



**શહેરમાં પાણી-પાણી** - છેલ્લા ચાવીસ કલાકમાં શહેરમાં શ્રીકાર વર્ષાથી ઠેર-ઠેર પાણી છલકાયા હતા... સેક્ટર-૪ના ઓમકારેશ્વર મહાદેવ પાસે નીચાણવાળા ભાગે તળાવનું રૂપ ધારણ કર્યું હતું... દર વર્ષે ભરાતું પાણી તળાવનું દૃશ્ય ઉભું કરે છે... શનિવારની મધ્યરાત્રી બાદ ચાર કલાકમાં ચાર ઈંચ વરસાદ વરસતા સર્જાયેલું મેઘ મહેરનું દૃશ્ય....

## ગુજરાતથી ૬૨૭૨ શ્રદ્ધાળુઓ હજ માટે જશે

અમદાવાદ, તા.૨૬

હજ સિઝનની શરૂઆત થવા જઈ રહી છે ત્યારે હજ યાત્રીઓ માટે કેટલીક સાવચેતીના ભાગરુપે નવી પહેલ કરવામાં આવી રહી છે જેના ભાગરુપે ૮૦૦૦થી વધુ હજ યાત્રીઓ માટે રસીકરણ કેમ્પ યોજાઈ રહ્યો છે. ગયા વર્ષે રાજ્યમાંથી હજ માટે અમદાવાદમાંથી ૫૦૦૦ શ્રદ્ધાળુઓ ગયા હતા. આ વર્ષે આશરે હજ કમિટિ ક્વોટા હેઠળ ૬૨૭૨ લોકો ગુજરાતમાંથી પ્રવાસ કરનાર છે. ઘણા શ્રદ્ધાળુઓ પોતાની રીતે પણ પહોંચે છે. ગુજરાતમાંથી હજ યાત્રા માટે ૮૫૦૦ જેટલા શ્રદ્ધાળુઓ પહોંચે તેવી શક્યતા દેખાઈ રહી છે. આવી સ્થિતિમાં હજ શ્રદ્ધાળુઓ સુરક્ષા પાસાને સર્વોચ્ચ પ્રાથમિકતા આપીને આગળ વધે તે ખુબ જરૂરી છે. ગયા વર્ષે મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓને શ્વાસની તકલીફ થઈ હતી. આ વખતે આવી તકલીફ ઓછી થાય તે માટે સુરક્ષા પાસા પર ધ્યાન આપવામાં આવી રહ્યું છે.

## સ્વર્ણિમ પાર્કમાં અભદ્ર હરકતો કરતા યુગલો સામે પોલીસ કાર્યવાહી કરશે

ગાંધીનગર તા ૨૫

શહેરના હાર્દસમા વિસ્તારમાં નવનિર્મિત સ્વર્ણિમ પાર્કમાં ઘણીવાર પ્રેમીયુગલો કંઢગી હાલમમાં બેસતા હોવાથી ભદ્ર સમાજના સભ્યોનુ મોં વંકાય છે. જયારે પાર્કમાં ઘુમતા પરિવારજનો માટે પણ ક્ષોભજનક સ્થિતિ સર્જાય છે. જેને અનુલક્ષી જિલ્લા પોલીસતંત્ર દ્વારા આવા તત્વો સામે લાલ આંખ કરવામાં આવી છે. પાર્કમાં આવા યુવક યુવતીઓ સામે પોલીસ કાયદેકરની કાર્યવાહી હાથ ધરશે.

**પાર્કમાં યુવક-યુવતિઓની હરકતથી મુલાકાતીઓએ ક્ષોભજનક હાલતમાં મુકાવવુ પડે છે**

શહેરના હાર્દસમા વિસ્તારમાં સ્થિત સ્વર્ણિમ પાર્કમાં સાંજ ઢળતા જ મોટી સંખ્યામાં સહેલાણીઓ ઉમટી પડે છે. જયારે દિવસ દરમિયાન પણ પાર્કના ખુંણાઓમાં યુવક યુવતિઓ બેઠેલા નજરે પડે છે. પરંતુ છેલ્લા ઘણાં સમયથી સ્વર્ણિમ પાર્કમાં અભદ્ર વર્તણુંક દાખવતા યુવકોના લીધે ત્યાંથી પસાર થતા આમ નાગરિકો તેમજ પાર્કમાં આવતા મુલાકાતીઓમાં આક્રોશ પ્રવર્તયો છે. દિવસ દરમિયાન કોલેજમાંથી બંક મારીને આવતા યુવક યુવતિઓ પણ પાર્કમાં અડ્ડો જમાવતા હોવાનુ ધ્યાને આવ્યુ છે. જયારે સરિતાઉદ્યાનની જેમ સ્વર્ણિમ પાર્કમાં પણ અભદ્ર હરકતો થતી હોવાનો સુર ઉઠતા ભદ્ર સમાજમાં રોષની લાગણી વ્યાપી છે. સ્વર્ણિમ પાર્કની વિશાળ જગ્યામાં સિકયુરિટીને પણ આવા યુવક યુવતિઓ ગાંઠતા ન હોવાથી અન્ય મુલાકાતીઓ માટે ક્ષોભજનક સ્થિતિ સર્જાય છે. જો કે આ દુષણને ડામવા જિલ્લા પોલીસ તંત્ર દ્વારા લાલ આંખ કરવામાં આવી છે. પોલીસ દ્વારા પાર્કની બહાર બોર્ડ મુકવામાં આવ્યુ છે. જેમાં સ્પષ્ટ જણાવાયુ છે કે પાર્કમાં અભદ્ર હરકત દાખવતા યુવક યુવતિઓ સામે પોલીસ કાયદેસરની કાર્યવાહી હાથ ધરશે. આવા તત્વો સામે ગુન્હો દાખલ કરવામાં આવશે.

સેકટર 6D, સહીયર ગરબા ગ્રાઉન્ડ પર મોજ-મસ્તીનો ખજાનો એટલે
ફોન : ૯૮૨૪૭૯૧૮૮૯
ફન પાર્ક
સ્થળ : સેક્ટર 6D, સહીયર ગરબા ગ્રાઉન્ડ, વીટકોસ ડેપો પાસે, ગાંધીનગર.
સમય : સાંજે ૫.૦૦ થી
પ્રવેશ ફી ફક્ત રૂ. ૧૦/- | રાઈડ્સ રૂ. ૨૦/-
બાળકો માટે ખાસ રાઈડ્સનો આનંદ
ટોરાટોરા, જાયન્ટ વ્હીલ, ડીશવી, બ્રેક ડાન્સ તેમજ બીજી અન્ય રાઈડ્સ

સરકારી/અર્ધસરકારી, સંસ્થાકીય, ધાર્મિક તેમજ અન્ય કોઈપણ જાહેર સમારંભ કે પ્રસંગ માટે પ્રચાર પ્રસાર અને સ્વાગત માટેના
હોર્ડીંગ્સ, ગેટ, ટાવર પીલર, બેનર્સ...
ભક્તી
93 761 80003
93 288 9 3535
89 80 10 1515

મંડપ
કેટરીંગ
લાઈટીંગ
ફલાવરીંગ
89 80 10 1515
93 761 8000 3
93 28 89 3535
રંગવાલા ડેકોરેટર્સ
ઓફીસ : હવેલી મંદિર પાસે, GHB, MLA રોડ, સેક્ટર-૨૧, ગાંધીનગર.

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન - ૨૩૨૨૨૫૭૧
ફોન - ૨૩૨૩૭૫૭૧

૮૭ કાઉન્ટર સાથે એન્જિનિયર્સ અને બિલ્ડર્સનું સૌથી મોટું નેટવર્ક ધરાવતી ફર્મ
UltraTech CEMENT The Engineer's Choice
STEEL TIGER
KAMDHENU STEEL
ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ
ESTD. 1983
કૈલાસ ટ્રેડર્સ (લોદ્રાવાળા)
● ગોડાઉન : ખ-૨ ચોકડી, સે.૪સી કોર્નર ●
મોબાઈલ : ૯૯૯૮૪૭૩૨૦૦, ૯૮૨૫૯ ૪૭૮૭૮, ૨૩૨ ૨૩૮૦૧

SANGHI CEMENT
KisaN
ashirvad
VINAYAK 500 TMT BARS - ISI
BENELAVE BATH FITTINGS
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર)
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 **માલિક - પ્રકાશક - મુદ્રક** : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. **તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧** E-mail : gandhinagarsamachar@yahoo.com